**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૬ ટકા

# મારવા માટે પણ વિજ્ઞાન... અને જીવન બચાવવા માટે પણ વિજ્ઞાન

## ભારત સરકાર દ્વારા ૨૫મી નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસનું આયોજન ગુજરાતમાં કરાશે

ગાંધીનગર, તા.૧૩

મારવા માટે પણ વિજ્ઞાન... અને જીવન બચાવવા માટે પણ વિજ્ઞાન... તેવું આજરોજ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર ખાતે નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોગ્રેસના કાર્યક્રમને ખુલ્લો મુકતાં જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વ્યક્તિએ જીવનમાં કંઈક બનવા માટેનું મન મનાવવું પડે છે, જે વ્યક્તિ મન મનાવી લે કંઈક કરવા માટે તે પોતાના ધ્યેય સુધી અવશ્ય પહોંચે છે. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન, વિશિષ્ટ જ્ઞાન તેવો થાય છે. આવું જ્ઞાન સામાન્ય માણસો પાસે હોતું નથી. આજે વિજ્ઞાનની મદદથી આપણને જીવન સુખ અને સુવિધાઓ મળી રહી છે. નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ દ્વારા આ કાર્યક્રમ થકી દેશભરના બાળકોમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે કંઈ કરવાની ભાવના પેદા કરવાનો ઉમદા આશય છે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિના જીવનમાં પ્રાથમિક શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. પ્રાથમિક શિક્ષણ સારું મળશે તો બાળકોને વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા જાગશે. જેથી રાજય સરકારે રાજયના બાળકોને પ્રાથમિક શિક્ષણમાં સારી ગુણવત્તા મળે અને સુવિધાઓ મળે તે માટે અગ્રીમતા આપી છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્ય મંત્રી હતા, ત્યારે આરંભ કરેલ રાજયના વિકાસની કૂચની નોંધ આજે સમગ્ર દેશ સાથે વિશ્વ પણ લઈ રહ્યું છે. તે ઉપરાંત મંત્રીશ્રીએ ૧૦૮ એમ્બ્યુલન્સ, મા અમૃતમ્, મુખ્યમંત્રી સ્વાલબંન અને સ્ટાર્ટ અપ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે બાળ વિજ્ઞાન કોગ્રેસ ૨૫માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે, આ સિલ્વર જ્યુબિલી આવૃત્તિની ફોકલ થીમ' ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ, દિવ્યાંગ વ્યક્તિઓની સક્ષતા'ના સર્દભમાં છે. ભારત સરકારે ૨૫મી નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોગ્રેસનું આયોજન ગુજરાતમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૭થી ૩૧મી ડિસેમ્બ, ૨૦૧૭ દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાશે. ગુજકોસ્ટે રાજયભરમાંથી ધોરણ-૮ થી ૧૨ના લગભગ ૧ લાખ જેટલા વિદ્યાર્થીઓને આ પ્રતિષ્ઠિત બાળ વિજ્ઞાન કોગ્રેસમાં સમાવવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ તબક્કામાં જિલ્લા કક્ષાએ, બીજો તબક્કો રાજય કક્ષાએ અને અંતિમ તબક્કો રાષ્ટ્રીય કક્ષાએ યોજાશે. આ પ્રસંગે બાળ વૈજ્ઞાનિકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ- ૨૦૧૭ની માહિતી પુસ્તિકાનું વિમોચન પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડી.એસ.ટીના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, ટેકનોલોજી ડેવલપમેન્ટ અને ટ્રાન્સફર અને રાજય એસ એન્ડ ટી કાઉન્સિલ, ભારત સરકારના સલાહકાર અને વડા શ્રી ડૉ. નિરજ શર્મા, એનસીએસટીસીના ડાયરેકટર શ્રી ડૉ. સુજીત બેનરજી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સલાહકાર અને મેમ્બર સેક્રેટરી શ્રી નરોત્તમ સાહુ સહિત વિવિધ શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### દિવ્યાંગ બાળા ક્રિશ્ના જોષી છવાઈ ગઈ

ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત વલ્લભવિદ્યાનગરની ટી.વી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતી સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળા ક્રિશ્ના પવનકુમાર જોષીને ટાઉનહોલમાં ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસના લોચિંગ




પ્રસંગે સન્માનવામાં આવી હતી. આ બાળાએ પ્રજ્ઞાચક્ષુઓને રોજબરોજના કાર્યોમાં પડતી તકલીફોમાં મદદરૂપ થઈ શકે તેવી મોબાઈલએપ ડેવલપ થઈ શકે તે માટે એક પ્રશ્નોત્તરી થકી ઉપયોગી ડેટા તૈયાર કર્યો હતો. આ પ્રોજેકટને બારામતી ખાતે યોજાયેલ નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસમાં ૬૦૦ પ્રોજેકટમાં પ્રથમ ૪૦માં સામેલ થવા સાથે ૨૮મો ક્રમ પ્રાપ્ત થયો હતો. આ ડૈયા તૈયાર કરવા બાળાએ સૌથી વધુ દિવ્યાંગોની મુલાકાત લઈ કેસ સ્ટડી કર્યો હતો. આ પ્રોજેકટ તેણે વિજ્ઞાન શિક્ષક કિંજલભાઈ જોષીના માર્ગદર્શનમાં તૈયાર કર્યો હતો. તેની સિધ્ધિને શિક્ષણમંત્રીએ બિરદાવી હતી.

## બોરીજમાં ૨૫ વર્ષિય યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતા અપરિણીત યુવાને આજે સવારનાં અરસામાં કોઈ અગમ્ય કારણોસર પોતાનાં ઘરે જ ગળેફાંસો ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. યુવાને કયા કરણોસર આ અંતિમ પગલુ ભર્યુ તે બાબત હજુ સુધી બહાર આવી શકી નથી. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ માટે મોકલી આપઘાતનુ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેર નજીકા આવેલા બોરીજ ગામનાં પવનચક્કી વાળા વાસમાં રહેતો ૨૫ વર્ષિય અપરિણીત યુવાન કનુ ચતુરભાઈ ચૌહાણ થોડા સમયથી બેચેન રહેતો હતો. આજે સવારે સાડા અગિયાર વાગ્યા પહેલા કનુ ચૌહાણે પોતાના ઘરે જ કોઈ કારણોસર પંખે લટકી જઈ આપઘાત કરી લેતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. આ યુવાને કરેલા આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યુ નથી. સે-૨૧ પોલીસ મથકનાં પી.એસ.આઈ જી.બી.વાઘેલા તેમની ટીમ સાથે ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પંખેથી ઉતારીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા ૧૬મીએ કારકિર્દી સેમિનાર

ગાંધીનગર, તા.૧૩

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના ઉપક્રમે ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ, કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન તેમજ નવીન તાલીમ વર્ગો શરુ કરવાના આયોજનના ભાગરૂપે તા. ૧૬-૭-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે ઉમા સમાજ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રોજગારલક્ષી સેમિનારનું આયોજન કરેલ છે. પાટીદાર સમાજના દરેક યુવક-યુવતીઓને પધારવા અને તાલીમનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

## હોસ્પિટલમાં દર્દી પાસે ભણેલ વ્યકિતને રાખો : સ્ટાફ કર્મી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એક મહિલા દર્દીના સગાને રીપોર્ટ માટે ત્રણ-ત્રણ વાર લેબના ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. જો કે દર્દીનો રીપોર્ટ તેની ફાઈલમાં આવી ગયો હતો. પરંતુ સ્ટાફની ઉદાસીનતાને કારણે દર્દીના સગાને ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. આ અંગે દર્દીના સગાએ કહેતા સ્ટાફે ચોર કોટવાલને દંડે તેમ દર્દી જોડે અભણ વ્યકિત રાખો છે તેના કરતા શિક્ષિત વ્યકિત રાખો તેવો જવાબ આપ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો વહીવટ ખાડે ગયો હોય તેવુ લાગી રહ્યું છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવા આપવામાં તંત્ર વામણું સાબિત થઈ રહ્યું છે. છેલ્લા દોઢ વર્ષથી સીટીસ્કેન મશીન બંધ છે તે ચાલુ થઈ શકયુ નથી, જયારે સોનોગ્રાફીમાં દર્દીને ૧૫ દિ નું વેઈટીંગ મળે છે.ત્યારે એકમાત્ર એકસ-રે મશીન હતું તે પણ બંધ થઈ ગયું છે. તેમ છતા સિવિલમાં દર્દીઓને યોગ્ય સારવારના સત્તાધિશો પોકળ દાવા કરી રહ્યા છે. ત્યારે મળતી માહીતી મુજબ તાજેતરમાં દહેગામ તાલુકાના ઈસનપુર ગામની મહિલા દર્દી ૪ દિવસથી ૬ઠ્ઠા માળે સર્જીકલ વોર્ડમાં દાખલ છે. આ મહિલા દર્દીની સારવાર થઈ ગઈ છે. પંરતુ ગાંઠ નીકાળ્યા બાદ સેપ્ટીક ને માઈક્રોબોયોલોજી વિભાગમાં ટેસ્ટ માટે મોકલ્યું હતું. જેથી દર્દીને યોગ્ય સારવાર મળી રહે. મહિલા દર્દીના સગાને રીપોર્ટ માટે સ્ટાફ દ્વરા ૩ વાર ધક્કા ખવડાવ્યા હતા. પરંતુ માઈક્રોવિભાગમાંથી રીપોર્ટ મોકલી દેવાયો છે તેની રજીસ્ટરમાં થયેલી નોંધ દર્દીના સગાને બતાવી હતી. ત્યારે મોડીસાંજે ખબર પડી કે રીપોર્ટ તો આવી ગયો છે અને ફાઈલમાં લગાવી દીધો છે. ત્યારે આ અંગે દર્દીના સગાએ કહેતા સ્ટાફને માઠું લાગતા અમોને કહો છો તેના કરતા દર્દી સાથે જ ભણેલા વ્યકિતને રાખોને અભણને શું કામ રાખો છો તેવો જવાબ મળતા દર્દીના સગાને ચોર કોટવાલને દંડે તેવો ઘાટ ઘડાયો હતો. ત્યારે સ્ટાફના વર્તન સુધારવા માટે તાજેતરમાં જ સિવિલના સત્તાધિશો દ્વારા કહેવાયું છે. પરંતુ શેઠની શિખામણ જાંપા સુધી તેવુ લાગી રહ્યું છે. ત્યારે આવુ વર્તન કોઈ નેતા કે ઉચ્ચ અધિકારીના સગા સાથે કરશે તો સિવિલમાં ફરીવાર હડકંપ મચે તો નવાઈ નહી...

## ફિઝિકલ ફિટનેસ : અશ્વિનભાઈ કોમર્સ કોલેજનો સ્પોર્ટસ ક્ષેત્રે નવતર અભિગમ

### વિવિધ રમતો માટે પસંદગી પામલા ખેલાડીઓનો દસ દિવસીય ફિઝિકલ ફિટનેસ કેમ્પ : ૬૦ મહિલા ખેલાડીઓ સાથે ૧૪૦ ખેલાડીઓ સામેલ





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે વિવિધ રમતોમાં પસંદગી પામેલા ખેલાડીઓનો ફિઝિકલ ફિટનેસ કેમ્પ યોજવામાં આવ્યો છે. આ કેમ્પમાં ૧૪૦ ખેલાડીઓ જેમાં ૬૦ મહિલા ખેલાડીઓ સામેલ છે તેમને સતત દસ દિવસની સઘન તાલીમ આપવામાં આવી છે. જેમાં પ્રાણાયામ-ધ્યાન-યોગનો પણ સમાવેશ થાય છે.

આપણા દેશમાં પણ હવે યુવાનોમાં સ્પોર્ટસ પ્રત્યે રૂચિ વધતી જાય છે અને આપણા યુવાનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા થયા છે. ખેલાડીઓ માટે ફિઝિકલ ફિટનેસ અત્યંત અગત્યની છે. શહેરની સે-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ખેલાડીઓ માટે દસ દિવસીય ફિઝિકલ ફિટનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૮૦ પુરુષ ખેલાડીઓ અને ૬૦ મહિલા ખેલાડીઓ મળીને કુલ ૧૪૦ જેટલા ખેલાડીઓ તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે.

ખેલાડીઓને કેમ્પમાં વિવિધ કસરતો, યોગ, પ્રાણાયામ, દોડ અને ધ્યાન સહિતની તાલીમ આપવામાં આવી રહી છે. આ ખેલાડીઓ હેન્ડબોલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કબડ્ડી, ખો-ખો અને ફુટબોલની રમતમાં રાજય ઝોનલ કક્ષાએ ભવિષ્યમાં ઈન્ટર યુનિ. ટૂર્નામેન્ટસમાં ભાગ લેશે. આ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે તે હેતુથી તેમની ફિઝિકલ ફિટનેસ પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે જે અંતર્ગત આ કેમ્પનું આયોજન કરાયું છે. ખેલાડીઓને કેમ્પમાં કોલેજના ફિઝિકલ એજયુકેશનના પ્રાધ્યાપક ડૉ. રણછોડ રથવી દ્વારા સઘન તાલીમ આપવામાં આવી રહી છે આ પ્રસંગે આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

## સે-૬માંથી ચોરી કરીને ભાગેલી ત્રિપુટી પકડાઈ ગઈ

### અમદાવાદથી રિક્ષા લઈને આવેલા ત્રણ શખ્સો સે-૬માંથી ચોરી કરીને ભાગ્યા ને ઝડપાઈ ગયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરનાં સેક્ટર-૬ ખાતે ગઈ રાત્રે રિક્ષા લઈને ત્રણ શખ્સો આવ્યા હતા અને લોખંડના સેન્ટીંગનાં ફર્માની ઉઠાંતરી કરી આ ગેંગ રિક્ષામાં રફ્ફુચક્કર થઈ રહી હતી ત્યારે ચોરી કરેલા સામાન સાથે ઝડપાઈ જવા પામી હતી. સે-૭ પોલીસે ત્રણેય અમદાવાદનાં યુવાન શખ્સોને પકડી પાડી ચોરીનો સામાન અને ચોરી કરવા વપરાયેલી રિક્ષા જપ્ત કરી લઈ ત્રણેયની ધરપકડ કરી ઉંડી પુછતાછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરનાં સેક્ટર-૬ સી પ્લોટ નં.૧૦૧૨/૧ ની સામે બાદશાહ મહમ્મદ મનસુરીનાં લેબર કોન્ટ્રાક્ટને લગતા લોખંડનાં સેન્ટીંગનાં ફર્મા પડ્યા હતા. આશરે ૮ હજારની કિંમતનાં ૨૦ જેટલા ફર્મા ત્યાં પડ્યા હતા તેને રાત્રે બારેક વાગે રિક્ષામાં આવેલી ત્રીપુટી ગેંગે ચોરી કરી રિક્ષામાં ભરી દીધા હતા. રિક્ષામાં સામાન ભરીને ચોરો ભાગી રહ્યા હતા ત્યા જ આ ચોરો નજરે ચઢી જતા સે-૭ પોલીસે ત્રણેયને રંગેહાથ દબોચી લીધા હતા. ચોરીનાં સામાન અને ચોરી કરવા વપરાયેલી રિક્ષા નં. જીજે ૧ સી.વાય ૫૯૮૨ પણ જપ્ત કરી પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે. સરદારનગરનાં મનોજ કાળીદાસ પટેલ, નરોડા પાટીયાનાં કિશન પ્રહલાદ પટણી અને સુભાષબ્રિજનાં રોહીત સંપથ પટણી મળીને ત્રણ શખ્સોને પકડી વધુ પુછપરછ શરુ કરી છે. પી.એસ.આઈ એસ.એમ. ચૌધરીએ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

### આઈ લવ માય ગાંધીનગર



**પૂજા શાહ મશરૂવાલા**
**ડાન્સર, કોરિયોગ્રાફર**

**ગાંધીનગર ગમે**
ભરપૂર કુદરત, સુંદરતા અને સગવડતાને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, શિસ્તપ્રિય, ઋજુ અને કલા-સંસ્કૃતિ-સેવાપ્રેમી નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નહેરુ યુવા કેન્દ્ર, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, જુસિકા, સિસિકા જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
જાહેર શિસ્ત અને સ્વચ્છતા બાબતે કામ થાય તથા નગરને બહેતર બનાવવા માટે યુવા વર્ગનો સક્રિય સહયોગ લેવાય તે બાબત જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધનના પ્રયાસો માટે મારી સર્વપ્રકારની સેવાઓ આપવા માટે હું તૈયાર છું.

# સીટીબસને પાલિકાની કાર્યપધ્ધતિનું ગ્રહણ

### પસંદ પામેલાને સીટીબસનો કોન્ટ્રાકટ આપવામાં કારણ વગરનો વિલંબ : હોદ્દેદારો તથા અધિકારીઓમાં હોતી હે ચલતી હે જેવો ઘાટ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના શહેરવાસીઓ તથા આજુબાજુ વિસ્તારના ગ્રામજનોને સીટીબસની સુવિધા મળી હતી. જે સુવિધા પાલિકાના અસ્તિત્વ પછી છીનવાઈ ગઈ છે. ત્યારબાદ અનેક પ્રયત્નો પછી હાલ શહેરમાં સીટીબસ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં પસંદ પામેલ કોન્ટ્રાકટરને સીટી બસ ચલાવવાનો પરવાનો આપવામાં કારણ વગરનો વિલંબ થઈ રહ્યો છે. શહેરમાં જયારે સીટી બસ ચલાવવા કોઈ જ કંપની આગળ આવી નથી ત્યારે ટેન્ડર પ્રક્રિયામાં બંધ બેસતા કોન્ટ્રાકટરને હોતી હૈ ચલતી હૈના હોદ્દેદારો તથા અધિકારીઓના વલણથી વર્ક ઓર્ડર મળી શકતો નથી. શહેરીજનો પણ આ તમામ તમાશો જોઈને પોતે ચુંટેલા પ્રતિનિધિઓની પસંદગી કરવામાં થાપ ખાઈ ગયાનો અફસોસ કરી રહ્યા છે.

ગુજરાત રાજયના પાટનગરમાં સીટી બસ શરુ કરવામાં અસહ્ય વિલંબ થઈ રહ્યો છે. મળેલ વિગતો આધારે ૧ જુલાઈથી પાલિકાએ હાથ ધરેલી કવાયતમાં સીટીબસ ચલાવવામાં રસ ધરાવતી સીટીબીસ શરુ થવાનો અંદાજ હતો જેમાં પણ પીછેહઠ થઈ છે. એક કંપની નિતીનિયમોમાં બંધ બેસતા પસંદ પામી છે જેને પણ ત્રણથી વધારે મહિનાનો સમય થઈ ગયો છે છતાં હોદ્દેદરો તથા અધિકારીઓ આ અત્યંત જરુરી સેવા શરુ કરવા તત્પરતા દાખવતા ન હોવાનું બહાર આવ્યું છે. અધિકારીઓને આમ જનતાની તકલીફોની પડી નથી તેવો બળાપો શહેરીજનો વ્યકત કરી રહ્યા છે.

સીટી બસ કયારે શરુ થશે તેવા પ્રશ્નના જવાબમાં પાલિકાના સીટી ઈજનેર પંડયાભાઈએ જણાવ્યું છે કે લગભગ તમામ પ્રક્રિયા પૂર્ણતાના આરે છે અને હવે દરખાસ્ત કરી સ્થાયી સમિતિમાં મુકી દેવાશે બાદમાં વર્ક ઓર્ડર આપતા સીટી બસ શરુ થઈ જશે. આ તમામ બાબતો દરમિયાન કોન્ટ્રાકટરની પસંદગી થઈ ગઈ છે ત્યારે મુસાફરોને પડતી હાલાકીને ધ્યાને રાખી બસ શરુ કરવા માટે પરવાનો ત્વરીત આપવામાં આવે તેવી પ્રજાજનોની માંગ છે.

### @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સ્પૂન આર્ટના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ગુલાબી ઘટાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સાહિત્ય સભા દ્વારા ઉપેન્દ્ર ત્રિવેદીની જન્મ જયંતિ નિમિત્તે સ્મરણાંજલિ કાર્યક્રમ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માણી હોલ કડી કેમ્પસ સે-૨૩ ખાતે યોજાશે.

### વાતવાતમાં

● ગુજરાત રાજય પંચાયત કર્મચારી મહામંડળના પ્રમુખપદે ચુંટાયેલા ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રકાશ ત્રિવેદીની આગેવાનીમાં હોદ્દેદારોની ટીમ શુક્રવારે અંબાજીમાં માતાજીના દર્શન કર્યા બાદ આ ટીમ બનાસકાંઠાની પાલનપુર ખાતેની જિલ્લા પંચાયતથી કામગીરીનો પ્રારંભ કરશે.

● ટાઉનહોલ ખાતે નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ ૨૦૧૭ના લોચિંગ સમારંભમાં ગાંધીનગરની ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓએ પણ હાજરી આપી હતી. આ કાર્યક્રમ રાષ્ટ્રીય વિજ્ઞાન કોંગ્રેસનો હોવા છતાં ગુજરાતીમાં જ યોજાતા અંગ્રેજી માધ્યમના નોન-ગુજરાતી વિદ્યાર્થીઓને સમજવામાં ખુબ તકલીફ પડી હતી જેના પગલે આ પ્રકારના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં રાષ્ટ્રભાષાનો ઉપયોગ કરવો જોઈએ તેવો વિદ્યાર્થીઓએ મત વ્યકત કર્યો હતો.

● કોંગ્રેસના જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીને હૃદયરોગનો હુમલો આવતા યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જયાં એન્જિયોપ્લાસ્ટી કરાયા બાદ તેમની તબિયત સુધારા પર છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ચાલુ ઓપીડી દરમિયાન ડોકટર્સની ચા-નાસ્તો કરવા જતા રહેવાની ફરિયાદો ઉઠવા પામી છે. ચાલુ ઓપીડીએ નાસ્તા બ્રેકના કારણે દર્દીઓને વધુવાર વેઈટીંગ કરવું પડે છે. જેના કારણે બહારગામથી આવતા કે સારવાર લઈ નોકરી વ્યવસાયે પહોંચવા માંગતા દર્દીઓની હાલત કફોડી થવા પામે છે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ શ્રાવણમાં પ્રવાસ યોજશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શ્રાવણ માસમાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૬મી જુલાઈના રોજ સવારે પાંચ વાગે ગાંધીનગરથી નીકળી મહેમદાવાદ-સિદ્ધિ વિનાયક રઢુ-કામનાથ મહાદેવ જયાં ઘીના ઘડાના દર્શન, સંતરામ મંદિર, માઈ મંદિર, ડાકોર, ચાંગ-પારાના શિવલિંગ, પિપલાવ-આશાપુરામા, જેતલપુર સ્વામિનારાયણ મંદિરથી ગાંધીનગર પરત આવશે.

નામ નોંધાવવા માટે અંજનાબેન ગોર ૯૪૨૮૬૧૪૮૨, વિમળાબેન અયાચી ૯૪૨૬૩૫૬૦૧૭ તથા નીશાબેન જોષી ૯૯૧૩૮૪૦૧૭૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. ગીતાબેન સોમાભાઈ રબારી, ઉ.વ. ૪૦
- સ્વ. પટેલ પાર્વતીબેન ભગવાનદાસ, ઉ.વ. ૮૪
- સ્વ. નેહાબેન સેંધાજી ગોહિલ, ઉ.વ. ૧૮
- સ્વ. કેશરબા ભારથુજી રાણા, ઉ.વ. ૮૪